9 B 2
1600134

# બાળગીતો



૧

સંસ્કાર સાહિત્ય મંદિર : ભાવનગર

શારદામંદિ

બાલમંદિર

તા- ૭ - ૧૧-

# બાળગીતો

ભાગ પહેલો

❊

: સંપાદક :

સોમાભાઈ ભાવસાર

⁂

❊

સંસ્કાર સાહિત્ય મંદિર

પો. બો. ૩૪ : ભાવનગર (સૌરાષ્ટ્ર)

૧લી આવૃત્તિ ૧૯૬૨
પુનર્મુદ્રણ ૧૯૬૫

*

સવા રૂપિયો
એક રૂપિયો

*

પ્રકાશક :
સંસ્કાર સાહિત્ય મંદિર વતી
જયંતિલાલ મ. શાહ
ભાવનગર

મુદ્રક :
અંબા પ્રિન્ટરી
શિહોર.

ગુજરાતમાં

બાલયુગની પો પ્રગટાવનાર

સદ્ગત ગિજુભાઈને

## સંપાદક તરફથી

પતંગિયાં, ફુવારો અને રમતાં ગીતો જેવા બાલગીતોનાં જાણીતા સંગ્રહો પ્રકટ થયા હોવા છતાં પણ બાલમંદિરોમાં સામાન્ય રીતે ગવાતાં પ્રચલિત બાલગીતોનો એક બૃહદ બાલગીત સંગ્રહ પ્રકટ થાય તો સારું એવી ઘણા સમયથી ઘણા તરફથી માગણી થતી હતી. પરંતુ બાળ લોકગીતોથી માંડીને આજદિન સુધીનાં બાલગીતોના સંગ્રહનું કાર્ય ધારીએ તેટલું સરળ નહોતું. એક વિચાર એવો પણ આવેલો કે ગવાતા બાળગીતોની માહિતી માટે એક પરિપત્ર દરેક બાલમંદિરને મોકલવો, પણ ધાર્યા સમયમાં સૌની તરફથી જવાબ મળશે નહિ અને સંગ્રહના પ્રકાશન કાર્યમાં વિલંબ થશે એમ માની સૌથી સારું તો અમારી પાસેના સંગ્રહમાંથી તેમજ જુદા જુદા કવિઓના બાલગીતોના જે સંગ્રહો પ્રકટ થએલ છે તે મેળવીને તેમાંથી તારવણી કરીને ગવાતાં બાલગીતોના સંગ્રહ કરી એકવાર તે પ્રકટ કરી દેવાં અને પછીથી રહી જતાં બાલગીતોનો બીજો સંગ્રહ પ્રકટ કરવો એ ઠીક થઈ પડશે એમ વિચાર્યું.

બાલગીતો ભાગ ૧–૨–૩ એ રીતે પ્રકટ થાય છે. કદાચ કોઈને તેમાં સંગ્રહાયેલાં બધાંય બાલગીતો શ્રેષ્ઠ ન લાગે તે સંભવિત છે; પરંતુ બાલમંદિરોમાં ગવાતાં અને બાળકોને ગમતાં બાલગીતોના આ સંગ્રહ છે એટલી વાત સાચી. આ સંગ્રહ વધુ ઉપયોગી થાય અને ગૂજરાતનાં બાળકોને ઘણાં ઘણાં બાલગીતો મળે એટલા માટે આ સંગ્રહમાં જે બાલગીતો અમે પ્રકટ નથી કરી શક્યા—અમને

ન મળી શકવાના કારણે, તેવાં બાલગીતો જો અમને મોકલી આપવામાં આવશે તો હવે પછીના સંગ્રહમાં તેનો સમાવેશ કરી તે પ્રકટ કરતાં અમને ઘણો આનંદ થશે.

પોતાનાં ગીતો પ્રકટ કરવા માટે જે જે કવિઓએ અમને પ્રેમપૂર્વક સંમતિ આપી છે તે સર્વના અમે આભારી છીએ. કેટલાંક ગીતોના કર્તાનાં નામ અમને મળી શકયા નથી તેથી તે ગીતોનાં કર્તાના નામ અમે મૂકી શકયા નથી; આથી જો વાચકો તરફથી કે તે ગીતકર્તા તરફથી અમને તે અંગે માહિતી મળશે તો હવે પછીની આવૃત્તિમાં સુધારો કરી શકાશે.

ગુજરાતમાં બાલશિક્ષણનું કાર્ય દિવસે દિવસે વધતું જાય છે અને મુંબઈ, નડિયાદ. અમદાવાદ; સુરેન્દ્રનગર, ભાવનગરમાં બાલમંદિરના શિક્ષકો તૈયાર કરવા માટે અધ્યાપન મંદિરો ચાલી રહ્યાં છે તેમાં ભણતા વિદ્યાર્થી ભાઈબહેનોને આ સંગ્રહો ઉપયોગી થઈ પડશે એવી આશા છે. શકય એટલી કાળજી લેવા છતાંય આ સંગ્રહમાં છપાયેલ ગીતોમાં કોઇ જગાએ શબ્દ ફેર, લીટીફેર, કે બીજી કોઈ ભૂલ થઇ હોય તો તે તરફ અમારું લક્ષ દોરવા વિનંતિ છે.

અંતમાં બાલગીતો ભાગ ૧–૨–૩ માં સંગ્રહાયેલાં ગીતો ગુજરાતનાં ગીતરસિયાં બાળકોના કંઠે રમો એજ અભ્યર્થના.


તા. ૧૨–૩–૬૦
ભાવનગર

**સોમાભાઈ ભાવસાર**

તા. ક :—ત્રણે સંગ્રહમાં ઉપયોગમાં લેવામાં આવેલ ચિત્રોના બ્લોક્સ 'મિલાપ કાર્યાલય' ના સૌજન્યથી મળેલ છે તે બદલ અમે તેમના આભારી છીએ.

પ્રકાશક

# બાલગીતો



✻ આ નિશાનીવાળાં ગીતોની રેકર્ડ ઉતરેલ છે.

## ૦ અનુક્રમણિકા ૦


| | | | |
|---|---|---|---|
| ૧ | પા પા પગલી | શ્રી ઝવેરચંદ મેઘાણી | ૧ |
| ૨ | અજવાળી રાત | ,, ત્રિભુવન વ્યાસ | ૪ |
| ૩ | દાદાનો ડંગારો | ,, ,, | ૫ |
| ૪ | રમકડાંની ગાડી✻ | ,, વસન્ત નાયક | ૬ |
| ૫ | ઘુમ | ,, સુંદરમ્ | ૯ |
| ૬ | બિલાડી ને મગર | ,, ચંદ્રવદન મહેતા | ૧૦ |
| ૭ | પાલી મગ | લોક ગીત | ૧૧ |
| ૮ | સલામ | ,, | ૧૨ |
| ૯ | ઘંટી | ,, ઈશ્વરભાઈ પટેલ | ૧૪ |
| ૧૦ | ટીણુકી | ,, શાંતિકુમાર પંડ્યા | ૧૫ |
| ૧૧ | વાદળી વાદળી | ,, ત્રિભુવન વ્યાસ | ૧૭ |
| ૧૨ | દાતરડું | ,, ,, | ૧૮ |
| ૧૩ | ઘરનો વાઘ | ,, ,, | ૧૯ |
| ૧૪ | હાલરડું | ,, ઝવેરચંદ મેઘાણી | ૨૦ |
| ૧૫ | વા પવન વા | ,, દેશળજી પરમાર | ૨૧ |
| ૧૬ | તારા | ,, ચંદુલાલ દેસાઈ | ૨૨ |
| ૧૭ | મારો છે મોર | લોક ગીત | ૨૩ |
| ૧૮ | પંખીની ટોળી | ,, | ૨૪ |

| | | |
|---|---|---|
| ૧૯ મને ગમે | ,, મૂળજીભાઇ ભક્ત | ૨૫ |
| ૨૦ ફૂલ ગીત | ,, સોમાભાઈ ભાવસાર | ૨૬ |
| ૨૧ ફેર ફુદરડી* | ,, મૂળજીભાઇ ભક્ત | ૨૭ |
| ૨૨ ડાળે ને પાળે* | ,, ,, | ૨૮ |
| ૨૩ ફૂકડે ફૂક | ,, ,, | ૨૯ |
| ૨૪ વહાણે ચડે | લોક ગીત | ૩૦ |
| ૨૫ ગોળી ફોડી | ,, | ૩૧ |
| ૨૬ કાંગ લ્યો | ,, | ૩૨ |
| ૨૭ દમડી | ,, | ૩૩ |
| ૨૮ મારા વાડામાં | ,, | ૩૪ |
| ૨૯ આભલે | ,, પિનાકિન ત્રિવેદી | ૩૫ |
| ૩૦ વાદળ વરસો* | ,, ઇશ્વરલાલ દેસાઇ | ૩૬ |
| ૩૧ ગંગારામ* | ,, ચૌધરી ને પંચોળી | ૩૭ |
| ૩૨ કેવી મજા* | — | ૩૮ |
| ૩૩ અજબ વાત | ,, ઉપેન્દ્રાચાર્ય | ૩૯ |
| ૩૪ અમે રમકડાં | ,, ચન્દ્રવદન મહેતા | ૪૦ |
| ૩૫ પારેવાં | ,, ગિજુભાઇ | ૪૧ |
| ૩૬ ઝમરે ઝાંઝરિયાં લ્યો | લોક ગીત | ૪૨ |
| ૩૭ કણજર કાકો પરણે છે | ,, | ૪૩ |
| ૩૮ બકરીનું બચ્ચું | ,, નરસિંહરાવ | ૪૪ |
| ૩૯ બીજ | ,, સોમાભાઈ ભાવસાર | ૪૫ |
| ૪૦ બહેન | ,, ,, | ૪૬ |
| ૪૧ જો તો ખરી | ,, મૂળજીભાઇ ભક્ત | ૪૭ |
| ૪૨ બળતા બપોરમાં | ,, ,, | ૪૮ |
| ૪૩ પતંગિયું | ,, ,, | ૪૯ |
| ૪૪ ચાંદો ચમકે છે | ,, મૂળજીભાઈ ભક્ત | ૫૦ |

| | | |
|---|---|---|
| ૪૫ બાલમંદિરમાં | ,, સોમાભાઈ ભાવસાર | ૫૧ |
| ૪૬ ખિસખોલી | ,, ત્રિભુવન વ્યાસ | ૫૨ |
| ૪૭ સાગર | ,, પ્રાણસુખભાઈ | ૫૩ |
| ૪૮ વસંત | ,, વસન્ત નાયક | ૫૪ |
| ૪૯ કોયલરાણી | ,, ચૌધરી ને પંચોળી | ૫૫ |
| ૫૦ ચાંદા મામા | ,, સોમાભાઈ ભાવસાર | ૫૬ |
| ૫૧ ચાલો ચાલો | ,, દેશળજી પરમાર | ૫૭ |
| ૫૨ ગણપતિ બાપા | ,, દેશળજી પરમાર | ૫૮ |
| ૫૩ ભાઇની પાર્ટી | ,, મૂળજીભાઈ ભક્ત | ૫૯ |
| ૫૪ ઊડ્યા કરું | ,, પિનાકિન ત્રિવેદી | ૬૦ |
| ૫૫ છુક છુક ગાડી | ,, અવિનાશ વ્યાસ | ૬૧ |
| ૫૬ શાકવાળી* | ,, ,, | ૬૨ |
| ૫૭ નહિ જાઉં | લોક ગીત | ૬૩ |
| ૫૮ દેડક ડરાઉં | ,, દેશળજી પરમાર | ૬૪ |
| ૫૯ પોપટ પંખી | — | ૬૫ |
| ૬૦ ઘોડાગાડીવાળો | — | ૬૬ |
| ૬૧ ફુલકો | — | ૬૭ |
| ૬૨ રમવા દો | ,, પુનમચંદ શાહ | ૬૮ |
| ૬૩ વહાલું વહાલું | ,, સોમાભાઈ ભાવસાર | ૬૯ |
| ૬૪ તૈયાર હો | ,, વસન્ત નાયક | ૭૦ |
| ૬૫ કૂચની સારેગમ | — | ૭૧ |
| ૬૬ અમારો દેશ | ,, મૂળજીભાઇ ભક્ત | ૭૨ |



## પા ! પા ! પગલી

પા ! પા ! પગલી
ફૂલની ઢગલી;
ઢગલીમાં ઢેલડ,
જીવે મારી બેનડ!

*

પા ! પા ! પગલી,
બાગમાં બગલી;
બગલી બોલાવે,
ડોક ડોલાવે,
નીર ઝુલાવે,
તીર તળાવે !

*

પા ! પા ! પડિયાં,
થોડુંક રડિયાં;
આંસુડાં દડિયાં,
ભાઈ સાથે લડિયાં;

ભાઈ ભરે બકી,
જાણે ચકો ચકી!

*

પા! પા! પૂજન,
આ બે ફૂજન!
ફૂ ફૂ કરતી,
જંગલ ભરતી;
કોમલ ફરતી!

*

પા! પા! પાણી,
નદી છલકાણી;
પાણીમાં પડિયાં,
ઊંડાં ઊતરિયાં;
તગ તગ તરિયાં,
નીર નીતરિયાં;
નાવણ કરિયાં;
બેડલાં ભરિયાં!

*

પા! પા! પૂનમ,
તારા ટમ ટમ;
ચાંદો ચમ ચમ,

*

રાત્રી રમે એમ,
સાગર ધમધમ !

પા ! પા ! પરીઓ,
ઠેકે દરિયો;
દરિયો ડોલે,
હીંચે હિંડોળે;
છલ છલ છોળે !

*

પા ! પા ! પોળી,
ઘીમાં ઝબોળી;
ઝબોળીને ખાજો,
ગલુ ભાગ દેજો !



# અજવાળી રાત

છોકરાં રે સાંભળજો વાત
આવી છે અજવાળી રાત
રાતે તારા ટમકે છે
વચમાં ચાંદો ચમકે છે!

ચાંદો ઊગ્યો ચોકમાં
રાણી બેઠી ગોખમાં
ગોખે તો સોનાનાં બોર
માથે બેઠા બોલે મોર!


મોર કરે છે લીલા લ્હેર
ટહુકા કરતો ચારે મેર
મે'ર કરી ત્યાં મેવલે
પાણી આવ્યાં નેવલે!


નેવે બેઠા બોલે કાગ
કાગા લાવ્યા મીઠો ભાગ
કાજુ બદામ ને રેવડી
છોકરાંને બહુ મજા પડી!



# દાદાનો ડંગોરો

દાદાનો ડંગોરો લીધો
એનો તો મેં ઘોડો કીધો
ઘોડો કૂદે ઝમ ઝમ
ઘૂઘરી વાગે ઘમ ઘમ
ધરતી ધ્રૂજે ધમ ધમ
ધમ ધમ ધરતી થાતી જાય
મારો ઘોડો કૂદતો જાય
કૂદતાં કૂદતાં આવે કોટ
કોટ કૂદીને મૂકે દોટ
સહુનાં મનને મોહી રહ્યો
એક ઝવેરી જોઈ રહ્યો
ઝવેરીએ તો હીરો દીધો
હીરો મેં રાજાને દીધો
રાજાએ ઉતાર્યો તાજ
આપ્યું મને આખું રાજ
રાજ મેં રૈયતને દીધું
મોજ કરીને ખાધું પીધું.





## રમકડાંની ગાડી

છોકરાં રે, છોકરાં રે!
ઓરે, ઓરે!
રમકડાંની ગાડી આવી!
શું શું લાવી? શું શું લાવી?
હાથી ઘોડા વાંદરા લાવી
કૂતરાં લાવી, બિલ્લી લાવી, બંગલાં લાવી
ટેબલ ખુરસી બંગલા લાવી
રંગ બેરંગી ફુગ્ગા લાવી
સરસ મજાની ઢીંગલી લાવી
વાજાં લાવી
ફટ ફટ મોટર સાયકલ લાવી
મોટર લાવી, વિમાન લાવી, એંજિન લાવી

છોકરાં રે, છોકરાં રે!
ઓરે, ઓરે!


બોલો તમારે શું જોઈએ ?
મારે જોઈએ ઢીંગલી, ઢીંગલી
ઢીંગલી માટે ઘાઘરી લઈશ
ઢીંગલી માટે પોલકું લઈશ
સરસ મજાની ઓઢણી લઈશ
અને પછી હું ખૂબ રમીશ, ખૂબ રમીશ !

મારે જોઈએ મોટર સાઈકલ, મોટર સાઈકલ
ખરરરર, ખરરરર, ખરરરર, થાય
ફટ ફટ કરતી ઊપડી જાય
મોટર સાઈકલ ઉપર બેસી
બંદા ખૂબજ ફર્યા કરે, ફર્યા કરે !

મારે જોઈએ વિમાન, વિમાન !
ફરરર કરતું ઉડાડી
આકાશે હું ઉપડી જાઉં,
પંખી સાથે હરું ફરું ને
ચાંદા સાથે રમવા જાઉં;
તારલિયાની દોસ્તી બાંધી
ચમક ચમક ચમકારા થાઉં

ઊંચે ઊંચે ઊડી ઊડીને
આકાશે હું પહોંચી જાઉં !

ઢીંગલી નહિ, વિમાન નહિ,
ફટ ફટ મોટર સાઈકલ નહિ,
મારે જોઈએ ફુગ્ગો, ફુગ્ગો !
હવા ભરાવી બનાવું મોટો
ફુગ્ગો મારા માથા જેવો
બલુન બનાવી ઉડાડાય, વગાડાય
મારે જોઈએ ફુગ્ગો, ફુગ્ગો !





## છુમ

છુમક છુમક છુમ,
છુમક છુમક છુમ,

છ ન ન ન નાચો
ત ત થૈ, ત ત થૈ
છ ન ન ન નાચો !
પગે ઘૂંઘરું
કર મંજીરાં
છ ન ન ન નાચો !
ત ત થૈ ત ત થૈ
છ ન ન ન નાચો !

છુમક છુમક છુમ,
છુમક છુમક છુમ,
છ ન ન ન નાચો !

# બિલાડી ને મગર

એક બિલાડી જાડી
એણે પહેરી સાડી

સાડી પહેરી ફરવા ગઇ
તળાવમાં તે તરવા ગઇ

તળાવમાં તો મગ્ગર
બિલ્લીને આવે ચક્કર

સાડી છેડો છૂટો થયો
મગ્ગરને મોં આવી ગયો

છેડો મગ્ગર ખેંચી રહ્યો
મગર બિલાડી ખાઈ ગયો !

## પાલી મગ

પાલી મગ મારા પાછા લાવજો
હાલાર જાવ તો મને કહેતા જાજો
હાલાર શહેરના હાથીડા લાવજો

પાન સોપારી
પાનનાં બીડાં
એલચી દડો
બગરી ભેંશ
ભૂરિયો પાડો

પાલી મગ મારા પાછા લાવજો.

*

ચીતળ જાવ તો મને કહેતા જાજો
ચીતળ શહેરની ચૂંદડી લાવજો.

પાન સોપારી
પાનના બીડાં
એલચી દડો
બગરી ભેંશ
ભૂરિયો પાડો

પાલી મગ મારા પાછા લાવજો.

❀

ઘોઘા જાવ તો મને કહેતા જાજો
ઘોઘા શહેરથી ઘોડલાં લાવજો.

પાન સોપારી
પાનનાં બીડાં
એલચી દડો
ભગરી ભેંસ
ભૂરિયો પાડો


પાલી મગ મારા પાછા લાવજો.

*

સુરત જાવ તો મને કહેતા જાજો
સુરત શહેરથી સોનાં લાવજો.


પાન સોપારી
પાનનાં બીડાં
એલચી દડો
ભગરી ભેંસ
ભૂરિયો પાડો

પાલી મગ મારા પાછા લાવજો.



## સલામ

ઘોઘા ! ઘોઘા ! ઘોઘા સલામ !
નાથીબાઈના વીર સલામ !
પહેરે પટોળાં ઓઢે ચીર !
ગોદડિયાની ગોળી વાગી !
જાય ગોદડિયો નાઠો !
ઘૂઘરીનો ઘમકાર !
ટોકરીનો ટમકાર !
આગલો બંદૂકદાર !
પાછલો ચોકીદાર !
તેલ દે, ધૂપ દે, !
બાવાને બદામ દે !
તેરા બેટા જીવતા રહે !



# ઘંટી

ઘ ર ર ર ઘંટી,
બાજરો ને બંટી;

હળવી થાય, ભારે થાય,
ચપચપ દાણા લેતી જાય!

ઘંટીમાં બે પાણા,
એની વચમાં દાણા;

ભરરડ ભરરડ ભૂક્કો થાય!
ઝીણો ઝીણો લોટ થાય!
લોટના તો રોટલા થાય!
રોટલા તો ભાઈ ખાય!
રોટલા તો બેન ખાય!
રોટલા તો સૌ ખાય!
જાડા જાડા ભમ થાય!

# ટીણુકી

ટીણુકી રે બેન, નાની નાની ટીણુકી
ટીણુકી રે તમે શું શું રે મેલ્યું ?

ઘરબાર મેલ્યાં ?
મારગડો મેલ્યો ?
શેરીઓ મેલી ?
માબાપને મેલ્યા ?
ભાઈ બેન મેલ્યા ?
એવું એવું મેલ્યું ?

ટીણુકી રે બેન, નાની નાની ટીણુકી
ટીણુકી રે તને કોણ કોણ ગમે ?

ગિજુભાઈ ગમે ?
શંકરભાઇ ગમે ?
મોંઘીબેન ગમે ?
જયા બેન ગમે ?
કોણ કોણ ગમે ?

ટીણુકી રે બેન, નાની નાની ટીણુકી
ટીણુકી રે તમે શેનાથી રમો ?

દટ્ટાથી રમો ?
મિનારાથી રમો ?
લાંબી સીડીથી રમો ?

પહોળી સીડીથી રમો ?
શેનાથી રમો ?

ટીણકી રે બેન, નાની નાની ટીણકી
ટીણકી રે તમે શું શું રે કર્યું ?

ગીતો ગાયાં ?
ગરબે ઘૂમ્યાં ?
રાસડા લીધા ?
નાટક કર્યાં ?
બહુ બહુ ફર્યાં ?

ટીણકી રે બેન, નાની નાની ટીણકી
ટીણકી રે તને શું શું રે ભાવે ?

મમરા ભાવે ?
દાળિયા ભાવે ?
કાજુ ભાવે ?
રેવડી ભાવે ?
શરબત ભાવે ?
નારંગી ભાવે ?
મોસંબી ભાવે ?
સીતાફળ ભાવે ?
જામફળ ભાવે ?
શું શું ભાવે ?


ટીણકી રે બેન, નાની નાની ટીણકી

# વાદળી વાદળી

વાદળી, વાદળી, વરસ વરસ,
તારાં પાણી મીઠાં સરસ.
મીઠાં પાણી ગાગરના,
ખારાં પાણી સાગરના.
સાગર ઉપર સંધ્યા રમે,
રમતી સૂરજ પાછળ ભમે.
સૂરજ તો દુનિયાના દેવ,
નિત તેને ઉગવાની ટેવ.
ઉગીને અજવાળાં દે,
અંધારાને ઠેલી દે.
ઠેલં ઠેલા થાતી જાય,
રાત મટીને દિવસ થાય.
દિવસો જલદી દોડ્યા જાય,
નાનાઓ તો મોટાં થાય.
મોટાં કામ મોટાં કરે,
નાનાં રમતા કૂદતાં ફરે.
રમતાં રમતાં લાગી તરસ,
વાદળી, વાદળી વરસ વરસ.

# દાતરડું

આ દાતરડું કેવું ?
ઘાસ કાપે તેવું.
આ ઘાસ કેવું ?
ગાય ખાય તેવું.
આ ગાય કેવી ?
દૂધ આપે તેવી.
આ દૂધ કેવું ?
દહીં થાય તેવું.
આ દહીં કેવું ?
માખણ થાય તેવું.
આ માખણ કેવું ?
ઘી થાય તેવું.
આ ઘી કેવું ?
લાડુ થાય તેવું.
આ લાડુ કેવા ?
સૌને ભાવે એવા.



# ઘરનો વાઘ

મેં એક બિલાડી પાળી છે,
તે રંગે બહુ રૂપાળી છે;
તે હળવે હળવે હાલે છે,
ને અંધારામાં ભાળે છે!
તે દહીં ખાય, દૂધ ખાય,
ઘી તો ચપ ચપ ચાટી જાય;
તે ઉંદરને ઝટપટ ઝાલે,
પણ કૂતરાથી બીતી ચાલે,
એના ડિલ પર ડાઘ છે,
એ મારા ઘરનો વાઘ છે!

## હાલરડું

વાલીડા વીરનું હાલરડું વહાલું,
હૈયાના હીરનું હાલરડું વહાલું !

ઊંઘી જા ઝટ
પોઢી જા પટ

તને દેખાડું સોણલું રૂપાળું,
હો વીરનું હાલરડું વહાલું !

—વાલીડા.

તારું પારણિયું સાફ ને સુંવાળું,
હો વીરનું હાલરડું વહાલું !

—વાલીડા.



# વા પવન વા

વા પવન વા, વા પવન વા,
ઝોલે ચડે મારી ફૂલવેલ આ!

વા પવન વા,
વા પવન વા,
ઊંચે ઊડે પેલા કનકવા!

વા પવન વા,
વા પવન વા,
ધીરાં મધુરગીત ભરતીનાં ગા!




# તારા

તારા ધીમા ધીમા આવો
તારા રમવાને સૌ આવો
તારા રૂપા ગેડી લાવો
તારા ધીમા ધીમા આવો.

તારા સંભાળીને આવો
તારા એકે એકે આવો
તારા છાનામાના આવો
તારા ધીમા ધીમા આવો.

તારા ચાંદા સાથે આવો
તારા મીઠાં ગીતો ગાઓ
તારા થાકો ત્યારે જાઓ
તારા ધીમા ધીમા આવો.



## મારો છે મોર

મારો છે મોર, મારો છે મોર,
મોતી ચરંતો, મારો છે મોર !
મારી છે ઢેલ, મારી છે ઢેલ,
મોતી ચરંતી, મારી છે ઢેલ !
મારો છે મોર, મારો છે મોર,
માળામાં બેસનાર મારો છે મોર !
મારી છે ઢેલ, મારી છે ઢેલ,
ડાળીમાં બેસનાર મારી છે ઢેલ !
મારો છે મોર, મારો છે મોર,
રાજાનો માનીતો, મારો છે મોર !
મારી છે ઢેલ, મારી છે ઢેલ,
રાણીની માનીતી મારી છે ઢેલ !
બોલે છે મોર, બોલે છે મોર,
સોનાને ટોડલે, બોલે છે મોર !
બોલે છે ઢેલ, બોલે છે ઢેલ,
રૂપાને બારણે, બોલે છે ઢેલ



## પંખીની ટોળી

જુઓ જુઓ પંખીની આ ટોળી,
તેમાં કબૂતરોની જાત ભોળી;
તેમાં ગરુડજી મોટા રાજા,
ચાંચ મોટી શરીરે છે તાજા!

બેઠા પોપટભાઈ તો કારભારી,
તેની બોલી લાગે છે બહુ સારી;
તેમાં લુચ્ચામાં લુચ્ચા કાગડા છે,
સૌ પંખીની જાતમાં ફાંકડા છે!

હંસ, મોર, મેના ને કોયલ છે,
ગીધ,, સમડીને આપે જોયેલ છે;
છેલ્લે કાબર ચકલી ને હોલાં,
ઢેંક બગલાં તો છે મોટાં ઢોલાં!

## મને ગમે

મને પીળી કરેણનાં ફૂલ ગમે!
મને ગોરી ગાયનાં દૂધ ગમે!

મને તાલ પખાજ મૃદંગ ગ
મને નાચતું તારક વૃંદ ગમે!

મને હીંચકાના હિંડોળ ગમે!
મને ખેતરના લીલા મોલ ગમે!

મને સાગરનો ઘુઘવાટ ગમે!
મને વાયુ તણા સુસવાટ ગમે!

મને વીજ તણા કકડાટ ગમે!
મને મેઘ તણા ગગડાટ ગમે!




# ફૂલગીત

મોગરાનાં ફૂલ, મોગરાનાં ફૂલ,
ધોળાં ધોળાં પેલાં મોગરાનાં ફૂલ !

ચંપાનાં ફૂલ, ચંપાનાં ફૂલ,
આછાં પીળાં પેલાં ચંપાનાં ફૂલ !

ગુલાબનાં ફૂલ, ગુલાબનાં ફૂલ,
લાલ ગુલાબી પેલાં ગુલાબનાં ફૂલ !

કરેણનાં ફૂલ, કરેણનાં ફૂલ,
રાતાં પીળુડાં પેલાં કરેણનાં ફૂલ !



# ફેર કુદરડી ✓

અમે ફેર કુદરડી ફરતાં'તાં
અમે ગોળ કુદરડી ફરતાં'તાં
ફેર કુદરડી ફરતાં ફરતાં
ગોળ કુદરડી ફરતાં ફરતાં
પડી જવાની કેવી મજા!
અમે સાતતાળી રમતાં'તાં
અમે દોટમદોટા કરતાં'તાં
દોટમદોટા કરતાં કરતાં
બેસી જવાની કેવી મજા!
અમે આંબળીપીપળી રમતાં'તાં
અમે ઝાડે ઝાડે ચડતાં'તાં
ઝાડે ઝાડે ચડતાં ચડતાં
પડી જવાની કેવી મજા!
અમે સંતાકૂકડી રમતાં'તાં
અમે ખોળંખોળા કરતાં'તાં
ખોળંખોળા કરતાં કરતાં
સંતાઈ જવાની કેવી મજા!
અમે ઉંદર બિલ્લી રમતાં'તાં
અમેચૂંચૂં મ્યાંઉં મ્યાંઉં કરતાં'તાં
ચૂંચૂં મ્યાંઉં મ્યાંઉં કરતાં કરતાં
નાસી જવાની કેવી મજા!

# ડાળીને પાળે

લીમડા ડાળે કે લીમડા ડાળે
બેઠા'તા માળે, બેઠા'તા માળે
કાંઠલે કાળે કે કાંઠલે કાળે

પોપટજી પઢતા હતા
સીતા રામ! સીતા રામ!

આંબા કેરી ડાળે, આંબા કેરી ડાળે
કોઈ ના ભાળે કે કોઈ ના ભાળે
રાગે રૂપાળે કે રાગે રૂપાળે

કોયલ બેન ગાતાં હતાં
કૂઉ કૂઉ, કૂઉ કૂઉ!

તળાવને તીરે, તળાવને તીરે
નહાતા'તાં નીરે, નહાતા'તાં નીરે
ગાતા'તાં ધીરે; ગાતા'તાં ધીરે

ટીકુ બેન રમતાં હતાં
ટીકું ટીકુ, ટીકુ ટીકુ!

## કૂકડે કૂક

કૂકડે કૂક, કૂકડે કૂક, બોલે છે કૂકડો!
જાગો હો લોક, બોલે છે કૂકડો!

આભને આરે
ધરતીની ધારે
વહેલી સવારે

જો પેલો સૂરજ ઊગે, જો પેલો સૂરજ ઊગે!

કિરણ સેર છૂટે
કે તેજધાર ફૂટે
નીંદર સૌની ખૂટે

અંધારાં મારગ મૂકે, અંધારાં મારગ મૂકે!

લાલ રંગ છાયા
ગુલાલ રંગ છાયા
સોનેરી રંગ છાયા
ચમકતી કાયા

આકાશની કેવી લાગે, આકાશની કેવી લાગે!

હું યે જોતો'તો
બેની જોતી'તી

આંખો મીંચાતી મારી આંખો મીંચાતી!
ભાઈને બહેન અમે હસી પડ્યાં!
હસી પડ્યાં ને પછી ભેટી પડ્યાં!

# વહાણે ચડે

વહાણે ચડે, વહાણે ચડે,
મારી ફુઈબાના દીકરા વહાણે ચડે.

મોતી લાવે, મોતી લાવે,
મારી ફુઈબાના દીકરા મોતી લાવે.

કેવાં લાવું, કેવાં લાવું,
મારા મામાની માનબાઈ કેવાં લાવું ?

રાતાં લાવે, રાતાં લાવે,
મારી ફુઈબાના દીકરા પીળાં લાવે.

ઝીણાં લાવે, ઝીણાં લાવે,
મારી ફુઈબાના દીકરા ઝીણાં લાવે.

વહાણે ચડે, વહાણે ચડે,
મારી ફુઈબાના દીકરા વહાણે ચડે.

# ગોળી ફોડી

ગોળી ફોડી રે ગોળી ફોડી
જુઓ જશોદા ગોળી ફોડી.

છાનામાના મારું માખણ ખાધું
છાશ તો પીધી થોડી થોડી–જુઓ.

ગાની ગમાણમાં ગોવિંદ પેઠા
વાછરું દીધાં છોડી છોડી–જુઓ.

ગેડી ઊંચે શીંકે ભરાવી
તાણીને નાખ્યું તોડી તોડી–જુઓ.

નિશાની સાથે તમને બતાવું
આવ્યો'તો કાળી કામળ ઓઢી જુઓ.

ત્રીકમ તમારો તોફાન કરે છે
વ્યાસ વલ્લભ કહે કરજોડી–જુઓ.

# કાંગ લ્યો !

કાંગ ખેતર ગ્યાં'તાં રે ગોરી કાંગ લ્યો !

ઊભાં ઊભાં કાંગ લ્યો,
બેઠાં બેઠાં કાંગ લ્યો,

કાંગ ખેતર ગ્યાં'તાં રે ગોરી કાંગ લ્યો !

ચાલતાં ચાલતાં પો,
ધબડ ધોબા કાંગ લ્યો,

કાંગ ખેતર ગ્યાં'તાં રે ગોરી કાંગ લ્યો !

ટોપલો ભરી કાંગ લ્યો,
ખોબલો ભરી કાંગ લ્યો,

કાંગ ખેતર ગ્યાં'તાં રે ગોરી કાંગ લ્યો !

સૂંપડું ભરી કાંગ લ્યો,
ખોઈ ભરી કાંગ લ્યો,

કાંગ ખેતર ગ્યાં'તાં રે ગોરી કાંગ લ્યો !

## દમડી

દમડી લઈને હું તો સુતારવાડે ગઈ'તી.
મિંયાં કો માફા
બીબી કું વહેલ
છોકરે કું ગાડી દે
નહિ તો મારી દમડી પાછી દે.

❀

દમડી લઈને હું તો કુંભારવાડે ગઈ'તી.
મિયાં કો ઘડા
બીબી કું માણ
છોકરે કું કોડિયા દે
નહિ તો મારી દમડી પાછી દે.

❀

દમડી લઈને હું તો લુહારવાડે ગઈ'તી.
મિયાં કુ તલવાર
બીબી કું છરી
છોકરે કું કાતા દે
નહિ તો મારી દમડી પાછી દે.

❀

દમડી લઈને હું તો દરજીવાડે ગઈ'તી.
મિયાં કો ડગલા
બીબી કું ઈજાર
છોકરે કું ઝભલા દે
નહિ તો મારી દમડી પાછી દે.

## મારા વાડામાં

મારા વાડામાં એરડી દાદા
લાંબી લાંબી કાતળી જોને.
આવી રૂપાળી કાતળી દાદા
માંડવડો રોપાવશું જોને.
આવો રૂપાળો માંડવો દાદા
વેળુડી પથરાવશું જોને.
આવી રૂપાળી વેળુ દાદા
ઝીણી કરી દળાવશું જોને.
આવો રૂપાળો ઘંટલો દાદા
કાઠા ઘઉં ભરડાવશું જોને.
આવા રૂપાળા ઘઉં દાદા
લાડુડા વળાવશું જોને.
આવા રૂપાળા લાડુ દાદા
વીરાને જમાડશું જોને.

# આભલે

રોજ રંગ રમતા રે ઊંચે આભલે

સૂરજદાદા આભલે
ચાંદામામા આભલે

તારલિયા ભમતા રે ઊંચે આભલે.

ભૂરે ભૂરે આભલે
વાદળને ગાભલે


કોક ઝગમગતા રે ઊંચે આભલે.

ઝળ ઝળુકે આભલે
ગડ ગડુડે આભલે

ખેલ મનગમતા રે ઊંચે આભલે.

એવું બધું આભલે
હુંય ચડું આભલે

પગ ધમધમતા રે ઊંચે આભલે.




# વાદળ વરસો

વાદળ, વાદળ, વરસો પાણી !
મોજ પડે ફોરાં ઝીલવાની !
વાદળ, વાદળ, વરસો પાણી !

રૂમઝૂમ વરસો, ઝૂમઝૂમ વરસો,
ઝીણું ઝીણું, ઝરમર વરસો;
મોજ પડે ફોરાં ઝીલવાની,
વાદળ, વાદળ, વરસો પાણી !

ઠંડક ઠંડક થાય મારે તન,
ઠંડક ઠંડક થાય મારે મન,
જાય નાસી ગરમીની રાણી,
વાદળ, વાદળ, વરસો પાણી !



## ગંગારામ


નિત્ય નિત્ય મોરલો આવે સવારમાં
મારો ગંગારામ, આવે સવારમાં,

ધીરેથી આવતો
પીંછાં હલાવતો
મેઆવ બોલતો
આનંદે ડોલતો

નિત્ય નિત્ય મોરલો આવે સવારમાં,
મારો ગંગારામ, આવે સવારમાં.

ચણતો ને ચાલતો
પગલીઓ પાડતો
આવે મલપતો
થેઈ થેઈ નાચતો

નિત્ય નિત્ય મોરલો આવે સવારમાં,
મારો ગંગારામ, આવે સવારમાં.



# કેવી મજા !

મા, હોઉં જો આભનો તારો
તો ઝગમગવાની કેવી મજા !


મા, હોઉં જો મોરલો નાનો
તો નાચવાની કેવી મજા !

મા, હોઉં જો ફૂલવેલ ડાળી
તો મેં'કવાની કેવી મજા !

મા, હોઉં જો કોયલ કાળી
તો કૂજવાની કેવી મજા !

મા, હોઉં જો નાવડી નાની
તો તરવાની કેવી મજા !

મા, હોઉં જો વાછડી નાની
તો ઠેકવાની કેવી મજા !



## અજબ વાત

નાની મારી આંખ, એ જોતી કાંક કાંક;
એ તે કેવી અજબ જેવી વાત છે!

નાક મારે નાનું, એ સૂંઘે ફુલ મજાનું;
એ તે કેવી અજબ જેવી વાત છે!

નાના મારા કાન, એ સાંભળે, દઈ ધ્યાન;
એ તે કેવી અજબ જેવી વાત છે!

નાનું મોઢું મારું, એ બોલે સારું સારું:
એ તે કેવી અજબ જેવી વાત છે!

નાનું મારું ગળું, એ ખાય ગળ્યું ગળ્યું;
એ તે કેવી અજબ જેવી વાત છે!

આંગળી મારી લપટી, એથી વગાડું ચપટી;
એ તે કેવી અજબ જેવી વાત છે!

નાના મારા હાથ, એ તાળી પાડે સાથ;
એ તે કેવી અજબ જેવી વાત છે!

પગ મારા નાના, એ ચાલે છાનામાના;
એ તે કેવી અજબ જેવી વાત છે!

# અમે રમકડાં

અમે રમકડાં, અમે રમકડાં,
પડઘમચી ને વાનરભાઈ;

ગામની ગાયો, ડાહીનો ઘોડો,
બંદૂકવાળો બન્નું સિપાઈ!

સિંહ ને સસલું, મોરલો મરઘી,
બબલો ને વળી બબલી બાઈ;

ઘર ઘર જાશું, ઘર ઘર ફરશું,
રમ્મત ગમ્મત નવી નવાઈ!

મજા મજા છે, એવી મજા છે,
કેવી મજા કે વાત નહિ;


ધીંગ મ ધીંગા, કૂદ મ કૂદા,
આજ દિવસ કે રાત નહિ.

ખાશું, પીશું, મજા કરીશું,
અમને કંઈ પંચાત નહિ;

બાળક સાથે દોસ્તી બાંધી
આકાશે નિત ઉડશું કહી.

# પારેવાં

આવો પારેવાં, આવોને ચકલાં,
ચોકમાં દાણા નાખ્યા છે.
આવો પોપટજી, મેનાને લાવજો
ચોકમાં દાણા નાખ્યા છે.
આવો કાબરબાઈ કલબલ ના કરશો
ચોકમાં દાણા નાખ્યા છે.
બંટી ને બાજરો, ચોખા ને બાવટો,
ચોકમાં દાણા નાખ્યા છે.
ધોળી છે જાર ને ઘઉં છે રાતડા
ચોકમાં દાણા નાખ્યા છે.
નિરાંતે ખાજો, નિરાંતે ખૂંદજો
ચોકમાં દાણા નાખ્યા છે.
બિલ્લી નહિ આવશે, કૂત્તો નહિ આવશે
ચોકમાં દાણા નાખ્યા છે.
ચક ચક કરજો ને કટ કટ કરજો
ચોકમાં દાણા નાખ્યા છે.



# ઝમરે ઝાંઝરિયા લ્યો

ઘર પછવાડે કાંગ વાવી ઝમ રે ઝાંઝરિયાં લ્યો !
કાંગ ને તો ફૂલ આવ્યાં ઝમ રે ઝાંઝરિયાં લ્યો !
ફૂલ મેં તો ગાયને આપ્યાં ઝમ રે ઝાંઝરિયાં લ્યો !
ગાયે મને દૂધ આપ્યું ઝમ રે ઝાંઝરિયાં લ્યો !
દૂધની મેં ખીર રાંધી ઝમ રે ઝાંઝરિયાં લ્યો !
ખીર મેં ભાઈને પીરસી ઝમ રે ઝાંઝરિયા લ્યો !
ભાઈએ મને ચૂંદડી લીધી ઝમ રે ઝાંઝરિયા લ્યો !
ચૂંદડીનો છેડો પલળ્યો ઝમ રે ઝાંઝરિયા લ્યો !
ચૂંદડી મેં તો નેવે સૂકવી ઝમ રે ઝાંઝરિયા લ્યો !
નેવેથી તો કાગ લઈ ગયા ઝમ રે ઝાંઝરિયા લ્યો !
કાગની વાંસે હું દોડી ઝમ રે ઝાંઝરિયા લ્યો !
દોડતા દોડતા સોય જડી ઝમ રે ઝાંઝરિયા લ્યો !
સોય મેં દરજીને આપી ઝમ રે ઝાંઝરિયા લ્યો !
દરજીએ મને કોથળી આપી ઝમ રે ઝાંઝરિયા લ્યો !
કોથળી લઇ ઘેર આવ્યા ઝમ રે ઝાંઝરિયા લ્યો !

# કણજર કાકો પરણે છે

સૌ જાન જુઓ નિહાળી આજ કણજર કાકો પરણે છે,
મેં નવી તરેહની ભાળી રાજ કણજર કાકો પરણે છે.
ઢીમડીઓ ઢોલ વગાડે રાજ કણજર કાકો પરણે છે,
રીંગણું તો રાગ વગાડે રાજ કણજર કાકો પરણે છે.
ગાજરની શરણાઈ વાગે રાજ કણજર કાકો પરણે છે,
ભીંડાભાઈ આગે ભાગે રાજ કણજર કાકો પરણે છે.
ડુંગળીબાઈ ડોળા તાણે રાજ કણજર કાકો પરણે છે,
મરચું બહુ મોજો માણે રાજ કણજર કાકો પરણે છે.
મૂળો તો મૂછો મરડે રાજ કણજર કાકો પરણે છે,
મોગરી તો વેશે ઘરડે રાજ કણજર કાકો પરણે છે.
તાંદળજો ભેગો તાજો રાજ કણજર કાકો પરણે છે,
મેથીને ન મળે માંજો રાજ કણજર કાકો પરણે છે,
દડબડતાં કોળાં દીઠાં રાજ કણજર કાકો પરણે છે,
છે સાથે ચીભડા મીઠાં રાજ કણજર કાકો પરણે છે.
વાલોળ વહુ વેલમાં બેઠાં રાજ કણજર કાકો પરણે છે,
હળદર વહુ હાલે હેઠાં રાજ કણજર કાકો પરણે છે,
ગયાં રાધણ પુરની પાસે રાજ કણજર કાકો પરણે છે.
લૂણી વહુ વર્યાં હુલાસે રાજ કણજર કાકો પરણે છે.

# બકરીનું બચ્ચું

જો પેલી બકરીનું બચ્ચું
કૂદ કૂદ કૂદકા મારે;
વાંકી ડોકે, ઠમ ઠમ ઠમકે
હરખાયે શું ભારે!
રે પેલી બકરી મા એની
પાસે હોય ન જ્યારે;
બેં બેં બેં બેં કરતું એ તો
બૂમો પાડે ત્યારે!
માતા આવે ત્યારે કેવું
બચ બચ કરતું ધાવે;
ધાવી પાછું કૂદકા મારે
કેવો હરખ જ આવે?
હું પણ મારી માડી આવે
તો કેવો હરખાઉં;
મા, મા, મા, કરતો હું તો
કેવો પાસે જાઉં?

# બીજ

એક એક બીજ અમે વાવ્યું રે લોલ !
એને પાણીડાં પાયાં રે લોલ !
ફણગા એને ફૂટયાં રે લોલ !
પાદડાં એને આવ્યાં રે લોલ !
કળીઓ એને બેઠી રે લોલ !
મરવા એને આવ્યાં રે લોલ !
હું ને બચુ ચાલ્યાં રે લોલ !
પાકાં પાકાં ફળ તોડયાં રે લોલ !
કાચાં કાચાં ફળ છોડયાં રે લોલ !
કેવાં કેવાં ફળ મીઠાં રે લોલ !
હું ને બચુ બેઠાં રે લોલ !
ખૂબ ખૂબ ફળ અમે ખાધાં રે લોલ !
તોય વધ્યાં એટલાં બધાં રે લોલ !
એક બીનાં ફળ કેટલાં રે લોલ !
ખાઈએ ન તોય ખૂટે એટલાં રે લોલ !

# બ હે ન

લાલ ને પીળી, વાદળી લીલી,
કેસરી વળી, જાંબલી વળી,
રંગ બે રંગી ઓઢણી લઉં,
બહેન મારીને ઓઢવા દઉં !

ચંપા બકુલ, ઓરસલી ફૂલ,
માલતી અને મોગરાનાં ફૂલ,
બાગમાંથી હું ચૂંટી જાઉં,
બહેનને વેણી ગૂંથવા દઉં !

સોનીએ ઘડ્યાં, રૂપલે મઢ્યાં,
નાના નાના ઘૂઘરા ઝીણા,
એવાં બે ઝાંઝરિયા લઉં,
બહેન મારીને પહેરવા દઉં !

ઓઢણી તમે ઓઢજો બહેની,
ઝાંઝર પગે પહેરજો બહેની,
વેણી માથે બાંધજો બહેની,

છુમ છુમા છુમ, રુમ ઝુમા ઝુમ,
દિલ ભરી ભરી, બાગમાં ફરી,
સાંજરે ઘરે આવજો બહેન,
ભાઈને સાથે લાવજો બહેન !

# જો તો ખરી!

બા ઓ બા!
બા ઓ બા!
જરા જોતો ખરી, જરા જોતો ખરી
કાચનો કટકો જડ્યો
મને કાચનો કટકો જડ્યો!

બા ઓ બા!
બા ઓ બા!
જરા જોતો ખરી, જરા જોતો ખરી
મોરનું પીંછું જડ્યું
મને મોરનું પીંછું જડ્યું!

બા ઓ બા!
બા ઓ બા!
જરા જોતો ખરી, જરા જોતો ખરી
ફૂલની માળા, કરી
મેં તો ફૂલની માળા કરી!


બા ઓ બા!
બા ઓ બા!
જરા જોતો ખરી, જરા જોતો ખરી
ભાઈને કંઠે ધરી
મેં તો ભાઈને કંઠે ધરી!

# બળતા બપોરમાં

બળતા બપોરમાં
વાતા વંટોળમાં
રાયણની કોકડી ખઈ
હાંરે અમે વનમાં ભટકતાં ભઈ!
બળતા બપોરમાં
વાતા વંટોળમાં
કેરી કપુરિયાં ખઈ
હાંરે અમે વનમાં ભટકતાં ભઈ!
બળતા બપોરમાં
વાતા વંટોળમાં
વડલાને છાંયડે
ખાતા'તા રોટલો ને દહીં
હાંરે અમે વનમાં ભટકતાં ભઈ!
બળતા બપોરમાં
બળતા બપોરમાં
વડલાને છાંયડે
ગાયો ચરાવતા ભઈ
હાંરે અમે નાના ગોવાળિયા થઈ!
બળતા બપોરમાં
બળતા બપોરમાં
વડલાને છાંયડે
પાવો વગાડતા ભઈ
હાંરે અમે નાના ગોવાળિયા થઈ!


# પતંગિયું

એક પતંગિયું, એક પતંગિયું, એક પતંગિયું
પીળી પીળી પાંખે, પીળી પીળી પાંખે
ઝીણી ઝીણી આંખે, ઝીણી ઝીણી આંખે
ફૂલડે ફૂલડે કળીએ કળીએ
એ તો ઉડ્યા કરે ફૂલ પાંખડીએ
હું તો જોયા કરું, બસ જોયા કરું.
મારી માડી મને 'ટીકુ ટીકુ' કહે
મારી બ્હેની મને 'ટીકુ ટીકુ' કહે
તો ય જોયા કરું, હું તો જોયા કરું.
મને એમ થયું, મને એમ થયું
કે જો હોત પતંગિયું તો
કળીએ કળીએ ફૂલની
હું તો બેસું ઘડી, હું તો ઉડું ઘડી.
પછી કોણ બોલાવત રે? મને કોણ બોલાવત રે?
માડી ક્યાંથી બોલાવત રે? બ્હેની ક્યાંથી બોલાવત રે?



# ચાંદો ચમકે છે

અજવાળી રાતે રે, ચાંદો ચમકે છે,
રૂપેરી રાતે રે, તારા ટમકે છે.
પેલા આંબાની ડાળે રે, કોયલ ટહુકે છે,
પેલા મોગરાની વેલે રે, મોગરો મહેકે છે.
પેલી ગાવડીની ડોકે રે, ઘંટડી રણકે છે,
પેલા ઝાડોના ઝુંડમાં રે, આગિયા ચમકે છે.
પેલા કાનજીને માથે રે, છોગાં લટકે છે,
ને લીલાં તે લહેરિયાં રે, કાનજીને પટકે છે.
એના પગના ઠેકે રે, ઘૂઘરા ઘમકે છે,
એના હાથના લહેકે રે, મન મારું હરખે છે.
મારી નાનેરી બેનનું રે, મુખડું મલકે છે,
એની આંખની પાંપણ રે, પલપલ પલકે છે,
એના માથે ગાગર રે, છલછલ છલકે છે.




# બાલ મંદિરમાં

અમે બાલમંદિરમાં જઈને કે હીંચકે હીંચતાં'તાં !
અમે બાગમાં દોડી જઈને કે પાણી સીંચતાં'તાં !
અમે છોડવે છોડવે જઈને કે ફૂલડાં તોડતાં'તાં !
અમે પેલાં પતંગિયાની વાંસે કે દડબડ દોડતાં'તાં !

અમે જોતાં પતંગિયાંની બબ્બે કે રંગભરી પાંખોને !
અમે જોતાં'તાં ઝીણી ઝીણી એની કે તેજદાર આંખોને !
અમે દઈએ પતંગિયાં છોડી કે જોતાં ક્યાં જાતાં !
એ તો જાતાં આકાશમાં દોડી કે મનમાં મલકાતાં !

અમે સાંભળી સાંભળી ગીતો કે બહુ બહુ રાચતાં'તાં !
અમે કોક કોક ગીતની સાથે કે રૂમ ઝૂમ નાચતાં'તાં !
પડે પડે મજા બસ એવી કે વાત કોઈ પૂછશોના !
અમે કોયલબેનને કે'તાં કે બહેન તમે ગાશોના !

તમે ગાવું જો હોય તો ગાજો કે જઈ આંબાડાળે !
અમે સાંભળવા આવશું તમારાં કે ગીત સરવરપાળે !



# ખિસકોલી

તું અહીંયા રમવા આવ, મજાની ખિસકોલી !
તું દોડ તને થઉં દાવ, મજાની ખિસકોલી !

તું કેવી હસે ને રમે, મજાની ખિસકોલી !
તારા કૂદકા તો બહુ ગમે, મજાની ખિસકોલી !

તું જ્યારે ખિલખિલ ખાય, મજાની ખિસકોલી !
તારી પૂંછડી ઊંચી થાય, મજાની ખિસકોલી !


તારે અંગે સુંદર પટા, મજાની ખિસકોલી !
તારી ખાવાની શી છટા, મજાની ખિસકોલી !

તું ઝાડે ઝાડે ચડે, મજાની ખિસકોલી !
કહે કેવી મજા ત્યાં પડે, મજાની ખિસકોલી !

બહુ ચંચળ તારી જાત, મજાની ખિસકોલી !
તું ઉંદરભાઈની નાત, મજાની ખિસકોલી !

# સાગર

પેલો સાગર ઘૂ ઘૂ ઘૂ ગાજે છે
ગાજી, ગરજી, ફીણભર્યાં મોજાં,
સાગર તટે એ ઉછાળે છે–પેલો.
સાગરના મોજાંની ઉછળતી છોળો
હિંડોળે જાણે ઝૂલાવે છે–પેલો.
દૂધના ફીણકેરી ચાદર બિછાવી
બાલ રોળીને બોલાવે છે–પેલો.
રેતી ને છીપલાં, રેતીને શંખલા
રેતીમાં ભાતો બનાવે છે–પેલો.
નાનકડી મારી હોડી આ જોને
સાગર ગાતો રે નચાવે છે–પેલો.
દીપુબેન મારે ધીરે હલેસાં
ચમુબેન સઢને ચડાવે છે–પેલો.
નાનો સુકાની જુઓ બંદો ખહાદુરિયો
હોડીને કેવી નચાવે છે–પેલો.



## વસંત

ચાલોને બાળકો નાચીએ ને કૂદીએ
ઋતુ વસંતનો રસ લૂંટીએ;


આવી વસંત ને લાવી સુંદરતા
જળ ઝરણાનાં ખળ ખળ વહે.

ઝાડ, પાન, ફૂલ, ફળ ખીલે ને ઝૂલે
ઊડે પતંગિયાં ભમર ગુંજે;

આંબાની ડાળે મહેકે છે મોર બહુ
કોયલરાણી મીઠાં કૂજન કરે.

મોરલા કળા કરી ટહુકે ને નાચે
આપણાં ય હૈયાં નાચી રહે;

ચાલોને બાળકો નાચીએ ને કૂદીએ
ઋતુ વસંતનો રસ લૂંટીએ.



# કોયલરાણી

કોયલરાણી તમે ટુહુ ટુહુ કરતાં
અમારા બાગમાં આવો રે લોલ

આંબાની ડાળે બાંધ્યા છે હીંચકા
હીંચકા હેતે ઝૂલાવોરે લોલ....કોયલ

ભૂખ્યાં થાઓ ત્યારે કરેણી આંબલે
મીઠી ગોતીને શાખ ખાજોરે લોલ....કોયલ

તરસ્યાં થાઓ ત્યારે લીમડાની ડાળીએ
પરબેથી પાણીડાં પીઓરે લોલ....કોયલ

ખીજવ્યા ખીજાઓ ત્યારે આંબાની કુંજમાં
છૂપી મધુરાં ગીત ગાજોરે લોલ....કોયલ

કાળાં ભલે તમે કાળા એ કૃષ્ણજી
કાળાં જાંબુ લાગે મીઠારે લોલ....કોયલ

# ચાંદા મામા

આવો આવો છોકરાં ચાંદા મામા બોલાવે છે!
મામા તો બોલાવે છે ને તારા રમવા લાવે છે!

ચાલો ચાલો જઈએ ભેળાં
મામાને ઘર છે ઘી કેળાં,


મામા કેરા રાજમાં તો છોકરાંને લહેર છે!
છોકરાં ને લહેર છે ને આજ મામા ઘેર છે!

મામા તો રાજી રાજી છે,
ખાવા ખીર તાજી તાજી છે,

ખીર તો ખાવા દેશે ને દેશે તારલિયા રમવા!
મામા કહેશે જાવ છોકરાં આકાશે માંડો ભમવા!

ભમશું આપણ તો આકાશે,
રમશું તારલિયાની સાથે,

આજ પુનમનો દિન છે ને અજવાળી તો રાત છે!
અજવાળી તો રાત છે ને તારાનો સંગાથ છે!



## ચાલો ચાલો

ચાલો ચાલોને છોકરાં રમવાને
વનવાડી બગીચે ભમવાને

—ચાલો ચાલો૦

લાલ પીળાં પતંગિયાં ઉડે છે
આજ આપણાં હૈયાં કૂદે છે

—ચાલો ચાલો૦

ફૂલ આછી આછી સુગંધ ઢોળે,
મન ઘેલાં બને આનંદ છોળે

—ચાલો ચાલો૦



## ગણપતિ બાપા ✓

બાપા ભોળિયા હો લાલ

બાપા હળવે હળવે હાલે
બાપા લાંબી સૂંઢ હલાવે
બાપા ભોળિયા હો લાલ.

બાપા સો મણ લાડુ ખાયે
બાપા તોય કદી ન ધરાયે
બાપા ભોળિયા હો લાલ.

બાપા બની ગયા દુંદાળા
બાપા બેઠા રહે રઢિયાળા
બાપા ભોળિયા હો લાલ.

બાપા ઉંદરના અસવારા
બાપા દુઃખ દળદરના તારા
બાપા ભોળિયા હો લાલ.



# ભાઈની પાટી

હું તો ભાઈની પાટી લઈને કે લખવા બેઠી’તી
ભાઈ દોડતો દોડતો આવ્યો ને પાટી લઈ લીધી.

હું તો બેનની ચોપડી લઈને કે વાંચવા બેઠી’તી
બેન દોડતી દોડતી આવી ને ચોપડી લઈ લીધી.

હું તો વાટકી હાથમાં લઈને કે માંજવા બેઠી’તી
બા દોડતી દોડતી આવી ને વાટકી લઈ લીધી.

હું તો આડણી વેલણુ લઈને કે રોટલી વણતી’તી
બા દોડતી દોડતી આવીને આડણી લઈ લીધી.

મેં તો વેલણુ ફેંકી દીધું ને રોવા લાગી ગઈ
ને રડતાં રડતાં હું તો રસોડામાં ઊંઘી ગઈ !

## ઊડ્યા કરું


પેલા પંખીને જોઈ મને થાય
એના જેવી જો પાંખ મળી જાય
તો આભલે ઊડ્યા કરું
બસ ઊડ્યા કરું.

ઘડિયાળમાં દસ વાગે
ટન........ટન........ટન...... .ટન.
બા મને ખોળવા લાગે
બચુ ક્યાં? બચુ ક્યાં? બચુ ક્યાં?
હું તો આભલે ઊડ્યા કરું.
ઊંચે ઊંચે ઊડ્યા કરું.

પેલા ડુંગરાની ટોચે
મારી પાંખ જઈને પહોંચે
બા ઢીંગલી જેવાં!
બાપુ ઢીંગલા જેવા!

નાનાં, નાનાં, નાનાં, નાનાં
જોઉં હું તો છાના માનાં
આભલે ઊડ્યા કરું





# છુક છુક ગાડી ✓

પાટા ઉપર- ગાડી
દોડે દોટો કાઢી
વાંકી ચૂંકી, ઊભી આડી
છુકછુક, છુકછુક
—પાટા ઉપર.

જંગલ આવે, ઝાડી આવે
નદી ઝરણાનાં નીર કૂદાવે
છુકછુક, છુકછુક
—પાટા ઉપર.

આગગાડી, ફૂકગાડી
તાણી ચીસો પાડી
મોટા ડુંગર ફાડી
છુકછુક, છુકછુક
—પાટા ઉપર.

મુંબઈ આવે વડોદરું
સુરત આવે ગોધરું
મમ્માજી મુંબઇથી આવે
પપ્પાજીની ટપાલ લાવે
—પાટા ઉપર.

## શાકવાળી

લઇ લ્યો તાજી ભાજી લાવી, લઈ લ્યો તાજી ભાજી.
શાકવાળી આવી લાવી, લઈ લ્યો તાજી ભાજી.
દોઢીએ બશેર ભાજી, લઇ લ્યો તાજી ભાજી.

સુરતી રતાળુ લાવી
લાવી સુરતી પાપડી

મુંબઈનાં પંડોળાં લાવી, લઈ લ્યો તાજી ભાજી.

મૂળા લાવી મારવાડના
પરવળ લાવી વડોદરાના

ભરૂચના હું ભીંડા લાવી, લઈ લ્યો તાજી ભાજી,
બબલા માટે બોર લાવી, ખાસ અમદાવાદથી
તડબૂચ, ટેટી લાવી હું તો, લઈ લ્યો તાજી ભાજી.
ગવારફળી લાવી હું તો, ફળીએ ફળીએ વેચવા
ટામેટાં ટીંડોરાં લાવી, લઇ લ્યો તાજી ભાજી.
દૂધી, તુરિયાં, કાકડી, કડવાં લાવી કારેલાં
ચાલો બહેનો મરવા લાવી, લઈ લ્યો તાજી ભાજી.



## નહિ જાઉં

હું નહિ જાઉં રે, નહિ જાઉં રે,
ગાવલડી ચારવા જસોદા માવડી.

મને વહેલો ઊઠી જગાડે છે
મને ટાઢે તે પાણીએ નવરાવે
મને ટાઢો તે રોટલો ખવરાવે.

—હું નહિ.

ત્યાં પહાડ પર્વત બહુ મોટા છે
ત્યાં વાઘ વરુનો બહુ ભો છે

—હું નહિ.

મને કાળિયો કાળિયો સૌ કહે છે
મને ગોવાળિયા બહુ દુઃખ દે છે

—હું નહિ.

# દેડક ડરાઉં

દેડક ડરાઉં ભાઈ! દેડક ડરાઉં,
ખાઈ ખાબોચિયે ખૂણે ભરાઉં!

પાણી તણાં પૂર ભળે
કૂદકાઓનાં શૂર ચઢે
આવે જો અવાજ, ચૂપ પાછો સંતાઉં
દેડક ડરાઉં ભાઈ દેડક ડરાઉં

મેઘ તો વગાડે વાજાં
ઝાડપાન થાય તાજાં
ડ્રૂં...ડ્રૂં...ડ્રાઉં ડ્રાઉં ગીત મારું ગાઉં
દેડક ડરાઉં ભાઈ! દેડક ડરાઉં.

આવજો હો પંખીઓ
આવજો હો બાળકો
ભેળાં મળીને સહુ કરીએ ડ્રાઉં ડ્રાઉં
દેડક ડરાઉં ભાઈ! દેડક ડરાઉં.

# પોપટ પંખી

બોલે મધુરી વાણુ એ પોપટ પંખી!
પાંજરે પુરાય તું સુંજાણુ એ પોપટ પંખી!

ચાંચ રૂપાળી તારી
ડોક રૂપાળી


કાળો કંઠે કાંઠલો સોહાય—એ પોપટ.

લીલા લીલા રંગથી
મનડું લોભાવે

નાક નમણું કેવું સોહાય—એ પોપટ.

પાંજરૂં હું તારું
સોનલે મઢાવું

બોલજે મુખેથી સીતારામ—એ પોપટ.



## ઘોડાગાડીવાળો

હું ઘોડાગાડી વાળો
 મારો ઘોડો કેવો રૂપાળો !

ઘોળુડો ઘોડો મારો
 કાળુડાં ચાઠાં વાળો—હું.

મારી ગાડીને બે પરડાં
તેમાં બેસે બાળક, ઘરડાં

પગ પાયલ, ડોકે દોરો
 ખણ ખણ ઘૂઘરાવાળો—હું.

જ્યાં ચાબૂક જરાક વાગે
ઘોડો તો દડબડ ભાગે

એ...જો જો જાજો બોલું
 આવે છે ગાડીવાળો—હું

ચલબે ચલ ચલ સ્ટેશન આયા
મૈંને ખાયા તુંને ન ખાયા

તુજે ઘાસ ખિલાઉં અચ્છા
 ખાકર હોજા તું સચ્ચા
 તું તો છે બહુ નખરાળો—હું.

# ફૂલકો

બા મને ફૂલકો દે, દે, દે!
ફૂંકી ફૂલાવું હું રે, રે, રે!–બા.

રબરનો ફૂલકો ફૂલીને ફૂટતો
બીજું રમકડું દે, દે, દે!–બા.

રબરનો ફૂલકો આકાશે ઊડતો
બીજું બલૂન શું છે, છે, છે!–બા.

રબરની કાકડી ફૂલીને સાંકડી
પીપુડી વાગતી પેં, પેં, પેં!–બા

બા જોને ફૂલકો ફૂલીને ફૂટતો
કેવો રડે છે ભેં, ભેં, ભેં!–બા.



# રમવા દો


હાં રે અમે શેરીએ રમતાં બાળ
શેરીએ રમવા દો !

હાં રે અમે આનંદે ખેલશું આજ
શેરીએ રમવા દો !

બાબો આવે બેબી આવે
ખાવાનું સૌ કોઈ લાવે
રે અમે ઉજાણી કરશું આજ
શેરીએ રમવા દો !

ધાણી લાવે, ચણા લાવે
મમરા અને સેવ લાવે
કોઈ કચુંબર ચટણી લાવે
હાં રે અમે ઉજાણી કરતાં બાળ
શેરીએ રમવા દો !

બા આવે, બાપા આવે
જોઇ અમોને મોં મલકાવે
હાં રે અમે આમતેમ નાસતાં બાળ
શેરીએ રમવા દો !



# વ્હાલું વ્હાલું

અમને વ્હાલું વ્હાલું લાગે
ગાંધી બાપુ કેરું નામ;
ગાંધી બાપુ કેરું નામ એથી
હૈયે આવે હામ!—અમને.

અમને રૂડું રૂડું લાગે
એના રેંટિયાનું નામ;
એના રેંટિયાનું નામ
એમાં દેશનું છે કામ!—અમને.

એને મન તો સર્વે સરખાં
રાજા રંક લોક તમામ;
રાજા રંક લોક તમામ સૌમાં
વસિયો એક જ રામ!—અમને.

એણે ઘરઘર ભટકી જગવ્યાં
શહેરે શહેર ગામેગામ;
શહેરે શેહેર, ગામેગામ,
થાણું નાખ્યાં ઠામેઠામ!—અમને.

એનો એક જ એ સંદેશો અને
એક જ એ છે કામ;
એક જ એ છે કામ ખાદી
પહેરો લોક તમામ!—અમને.

# તૈયાર હો

તૈયાર હો, હુશિયાર હો, લલકાર દો સૌ બાળકો
ફરવા જવા, રમવા જવા, ઊડવા જવા તૈયાર હો.

દાદા ફરે છે પોળમાં
બાપા ફરે ભાગોળમાં
પણ આપણે ફરવા જવું વગડા વને તૈયાર હો.

પંખી રમે છે ઝાડમાં
ઝરણાં રમે છે પહાડમાં
પણ આપણે રમવા જવું આકાશમાં તૈયાર હો.

ઘોડી ઊભી છે વાટમાં
હોડી નદીના ઘાટમાં
પણ આપણે ઊડવા જવું વિમાનમાં તૈયાર હો.

# કૂચની સારેગમ

સા ગ, સા ગ, સા ગ, મ ગ રે સા
ની રે, ની રે, ની રે, ગ રે સા ની
સા ગ, સા ગ, સા રે ગ મ પ
મગરેસા, ગરેસાની, સા, સા, સા.

સા સા રે સા ની સા
રે રે ગ રે સા રે

ગ ગ, મ ગ રે સા, ની રે સા
ગ ગ, મ ગ રે ગ, મ, મ, મ
ગ ગ, મ ગ રે સા, રે રે, રે,
ધ ધ, ધ પ મ ગ, મ, મ

પમગરે, ગગ મગરેસા, નીરે સા
સાનીધપ, નીધપમ, ધપમગ, પમગરે
મ ગ રે સા, ગ રે સા ની, સા સા સા.

# અમારો દેશ

આ અમારો, આ અમારો,
આ અમારો દેશ છે!

મારો નહિ, તારો નહિ
એનો નહિ, પેલાનો નહિ
આપણુ સૌનો, આપણુ સૌનો
આપણુ સૌનો દેશ છે!
—આ અમારો.

દરિયા બધા આપણા
નદીઓ બધી આપણી
ડુંગર બધા આપણા
એની માંહીનું સોનું ચાંદી
પથ્થર બધા આપણાં!
—આ અમારો.

એને માટે મરશે કોણ
એને માટે જીવશે કોણ
એને માટે મરવાનું ને
જીવવાનું છે આપણે!
—આ અમારો.

# બાળકો હોંશે હોંશે વાંચે તેવાં વાર્તા સંગ્રહો

## જાપાનની પરીકથાઓ

પ્રમીલા શાહ

૧ થી ૬ ભાગમાં : નવ રૂપિયા

આ છ સંગ્રહના ૬૦૦ પાનામાં પથરાયેલ પચીસ ચિત્રાત્મક વાર્તાઓ આપવામાં આવી છે.

*

| | |
|---|---|
| દરિયાની વેળ (જપાનના સાગર કિનારાની કથા) | ૧-૫૦ |
| કાશ્મીરની લોક-કથાઓ | ૧-૨૫ |
| કાળા જાદુની શાળા | ૧-૨૫ |
| ત્રણ પીંછાં | ૧-૨૫ |
| સુંદરપરી | ૧-૦૦ |
| દિલીપ રાજાની કથા | ૦-૪૦ |
| અતિલોભ પાપનું મૂળ | ૦-૪૦ |
| ટાગોરની બોધ કથાઓ | ૦-૮૦ |
| ચૈતન્ય મહાપ્રભુ | ૦-૮૦ |

**બાળ સાહિત્યના કોઈપણ પુસ્તક માટે પૂછાવો**

: પ્રાપ્તિસ્થાન :

## સંસ્કાર સાહિત્ય મંદિર

પો. બો. નં. ૩૪ : ભાવનગર (સૌરાષ્ટ્ર)


મૂદ્રક : દુર્ગા પ્રીન્ટરી, ભાવનગર